જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૯/૦૮/૨૦૧૬ શુક્રવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૫૧૪/૧૬

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૦ કેસ કરી, ૧૯ વ્યક્તિઓને ઝડપી ૨૫ લીટર દેશી દારૂ અને ૨ બોટલ ઈંગ્લીશ દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગાર ધારા હેઠળ ૨ કેસ કરી ૧૪ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૭૭,૯૦૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૫૧૫/૧૬

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૩૫ વ્યક્તિઓની તેમજ પ્રોહી.૯૩ મુજબ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## વાહન ચોરીઃ- સમાચાર યાદી નં.૧૫૧૬/૧૬

**નરોડાઃ** ઝાઝાભાઈ લક્ષ્મણભાઈ વાસણ (રહે.તિર્થભુમિ રેસીડન્ટ ડીમાર્ટ ની બાજુમાં નવા નરોડા) એ તા.૧૮/૮/૧૬ નારોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૬/૮/૧૬ સાંજના ૭/૦૦ વાગે આલબાર રોજ કેમીકલ્સના કોટ નજીક પાર્ક કરેલ પોતાની મહીન્દ્રા પીકઅપ ગાડી નંબર જીજે ૪ વાય ૦૩૬૯ કિમત રૂપિયા ૩,૦૦,૦૦૦/- અજાણી વ્યક્તિ ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી કે એચ જાડેજા **ચલાવે છે.**

## સોનાનો દોરો ખેચી તોડી લઈ ગયાઃ- સમાચાર યાદી નં.૧૫૧૭/૧૬

**નારણપુરાઃ** નિહારીકાબહેન સુભાષચંદ પરીખ (ઉ.વ.૬૦) (રહે.પરકુંજ સોસાયટી રન્નાપાર્ક ઘાટલોડીયા) તા.૧૫/૮/૧૬ સાંજના ૭/૩૦ વાગ્યાના સુમારે નારણપુરા વિરવિજય સોસાયટી નજીકથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ ૨૫ થી ૩૦ વર્ષના આશરાના બે પુરૂષ નિહારીકાબહેનના ગળામાંથી સોનાનો દોરો કિમત રૂપિયા ૪૫,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ નિહારીકાબહેને તા૧૮/૮/૧૬ નારોજ નારણપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી **આર કે સોલંકી ચલાવે છે.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**સરદારનગરઃ** વિરેનકુમાર જશુભાઈ પટેલ (ઉ.વ.૩૦) (રહે.યોગીરાજ એપાર્ટમેન્ટ હરીકૃષ્ણ સોસાયટી સરદારનગર) એ સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૭/૮/૧૬ રાતના ૯/૩૦ વાગ્યાના સુમારે એક મોટર સાયકલ ઉપર આવેલ ૩૦ થી ૩૫ વર્ષના આશરાના બે પુરૂષ કુબેરનગર જી વોર્ડ એક્સીસ બેન્ક સામે માયા સિનેમા આગળ આવેલ શ્યામ સુંદર બેકરી આગળથી વિરેનભાઈની પત્નીના ગળામાંથી સોનાની ચેઈન કિમત રૂપિયા ૩૦,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી **વી આર પટેલ ચલાવે છે.**

**કૃષ્ણનગરઃ** સુદામાપ્રસાદ હિરાલાલ ગુપ્તા (ઉ.વ.૬૧) (રહે.જ્ઞાનેશ્વરી સોસાયટી છગનભાઈની વાડી પાસે અર્બુદાનગર) એ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૮/૮/૧૬ કલાક ૭/૧૫ વાગ્યાના સુમારે પત્ની સાથે કૃષ્ણનગર હિરાવાડી બી.આર.ટી.એસ. બસ સ્ટેન્ડ નજીકથી મોટર સાયકલ ચલાવી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ સુદામાપ્રસાદની પત્નીના ગળામાંથી સોનાનો દોરો કિમત રૂપિયા ૨૦,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી **એ એસ અસારી ચલાવે છે.**

**નાયબ પોલીસ કમિશનર,**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)